# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૨/૧૧/૨૦૨૫ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૫૪૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૧૩ લીટર દેશી દારૂ, ૧૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૧૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૫૪૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૫૪૬/૨૦૨૫**

**ઈસનપુરઃ** આશીર્વાદ માઈક્રો ફાયનાન્સ લીમી.માં એરિયા મેનેજર તરીકે નોકરી કરતા પ્રનબીર સ/ઓ પાનુ બિસ્વાસ (ઉ.વ.૨૭) (રહે. હીરાવાડી સૈજપુર બોઘા) એ તા.૦૧/૧૧/૨૦૨૫ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૧/૨૦૨૪ થી તા.૨૮/૦૧/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન એમ્પાયર હાઈટ્સ ઘોડાસર પહેલો માળ દુકાન નં–૧૦૫ ખાતે આવેલ આર્શીર્વાદ માઈક્રો ફાઈનાન્સ બેંકમાં મેનેજર તરીકે નોકરી કરતા આરોપી અજીતસિંહ રમેશસિંહ (રહે. ભદ્રાસ કાનપુર નગર ઘાટમપુર ઉત્તરપ્રદેશ) અને ગ્રાહક બની આવેલ ફરહીનબાનુ અકબરભાઈ સંધી (રહે.સાઈદ મંજીલ પીઠાવાડી ચાલી ગોમતીપુર રાજપુર) એ ભેગા મળી લોખંડ અને પ્લાસ્ટીકનુ મિશ્રણવાળી સોનાની બંગડી બેંકમા મુકી બેંક પાસેથી કુલ રૂપિયા ૩,૦૬,૩૯૦/– લોન મેળવી લઈ આજદીન સુધી લોનની રકમ ભરપાઈ નહી કરી બેંક સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.આર.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૧૫૪૭/૨૦૨૫**

**વસ્ત્રાપુરઃ** મોહનલાલ શંકરલાલ વરહાત (ઉ.વ.૩૮) (રહે. સોલાબ્રીજની બાજુમાં વસ્ત્રાપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૧/૨૦૨૫ સાંજના ૦૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતમાં લગાવેલ લોખંડની પાઈપ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હાર્દિકભાઈ મયુરભાઇ ચલાવે છે.

**નારણપુરાઃ** વેદાંત મહેશભાઇ સથવારા (ઉ.વ.૨૩) (રહે. આદર્શનગર પ્રગતિનગર નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૧/૨૦૨૫ કલાક ૦૭/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુક્માં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.મ.સ.ઈ.શ્રી સોનસિંહ ઈન્દ્રવદનસિંહ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** તનીષાબહેન ડો/ઓ જેની વિજયભાઇ પટણી (ઉ.વ.૨૦) (રહે. બ્લોક નં–૩૮/૯૦૧ ગુજરાત હાઉસિંગ બોર્ડ છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૧/૨૦૨૫ બપોરના ૦૩/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ચન્દ્રકાંત પ્રભુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી